Letter No: COS/0268/05/2026 Approved Date: 19-05-2026


**Commissionerate of School**
**Vidya Samiksha Kendra**
**3rd Floor, Opposite Punitvan, Sector-19, Gandhinagar 382021**

**Te.No.: 07923254001** **E-mail: ss.umabranch@gmail.com**


**Ref. COS/10+2 /uma-02/2025/** **Date: /05/2026**

પ્રતિ,
સેકશન અધિકારીશ્રી, ગ-શાખા,

શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,

ગાંધીનગર

વિષય : રાજયની અનુદાનિત માધ્યમિક અને ઉ.મા શાળાઓમાં આઉટસોર્સિંગથી ખાલી જગ્યાઓ પર પટાવાળા (સેવક) આપવા બાબત તેમજ તેઓની ભરતી પ્રક્રિયા બાબતે માર્ગદર્શન આપવા બાબત

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૨/૨૦૧૬નો ઠરાવ : બમશ/૧૧૧૪/ સી.સી./૨૮/ગ

(૨)જિ.શિ, ભરુચનો તા.૨૫/૦૨/૨૦૨૬નો પત્રાંક: DEOBR/GE/e-file /686/2026/0051/Granted Mahekam

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૯/૨૦૨૫નો ઠરાવ : ED/MIS /e-file/3/ 2025/1241/G

(૪) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની તા.તા.૨૦/૦૧/૨૦૨૬ની રજુઆત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૬ના ઉકત સંદર્ભદર્શિત (૧) ઠરાવથી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ-૪ નું સંખ્યાબળ નિયત કરવામાં આવેલ છે. પરંતુ અત્રેની કચેરી દ્વારા તા.૦૯/૦૪/૨૦૨૫ના પત્રથી શિક્ષણ વિભાગને ઉકત તા.૦૨/૦૨/૨૦૧૬ના સંદર્ભદર્શિત (૧) ઠરાવમાં જરૂરી સુધારો કરવા શિક્ષણ વિભાગને દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા તા.૧૬/૦૯/૨૦૨૫ના ઉકત સંદર્ભદર્શિત (૩) ઠરાવથી ઉકત તા.૦૨/૦૨/૨૦૧૬ની ઠરાવની શરત નં. ૨ અને ૩ જોગવાઇમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ હતો.

**"બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આઉટસોર્સિંગથી પટાવાળાની ભરતી પ્રક્રિયા અપનાવવાની સત્તા જિલ્લા કલેકટરના સ્થાને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપવામાં આવેલ છે. તેમજ સદર પ્રક્રિયા GEM PORTAL દ્વારા ઈ-ટેન્ડરથી કરવાની સૂચના આપવામાં આવેલ છે. તેમજ નિયંત્રક અધિકારી તરીકેની તમામ કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીએ કરવાની રહેશે."**

હવે, શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભદર્શિત (૩) ઠરાવમાં થયેલ સુધારા જોગવાઈ અનુસાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પટાવાળાની ખાલી રહેલ જોગવાઈ ઉપર GEM PORTAL દ્વારા ઈ-ટેન્ડરથી આઉટસોર્સથી પટાવાળાની ભરતી પ્રક્રિયા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

શિક્ષણ વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૬ના ઉકત સંદર્ભદર્શિત (૧) ઠરાવની શરત નં. ૫ અનુસાર **"એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ બિલ ઉપર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પ્રતિ હસ્તાક્ષર મેળવી બિલ રજુ કર્યેથી સંસ્થાના નિભાવ અનુદાન તરીકે મંજુર કરવાનું રહેશે."**

હવે, સદર બિલનો ખર્ચ ગ્રાન્ટેડ શાળાઓને ફાળવવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાંથી જો કરવામાં આવે તો બહુ જ ઓછી નિભાવ ગ્રાન્ટ શાળાને ઈતર ખર્ચ માટે બચત તરીકે રહેવાની સંભાવના રહેલી છે.

શિક્ષણ વિભાગ દ્વારા ઉકત તા.૦૨/૦૨/૨૦૧૬ના ઉકત સંદર્ભદર્શિત (૧) ઠરાવની શરત નં. ૫ માં શાળા મારફતે એજન્સી દ્વારા રજુ કરવામાં આવેલ બિલ ઉપર જિલ્લા શિક્ષણાધિકારીના પ્રતિહસ્તાક્ષર મેળવી સદર બિલનો ખર્ચ શાળાઓને ફાળવવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાંથી કરવો કે વર્ગ-૪ ના રેગ્યુલર કર્મચારીઓના બિલોની જેમ તેઓના પગાર ખર્ચ આકારવાનો રહેશે તે બાબતે શિક્ષણ વિભાગ દ્વારા ઉકત વંચાણે લીધેલ સંદર્ભદર્શિત (૩) ઠરાવમાં સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

જે અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી, ભરુચ દ્વારા ઉકત વંચાણે લીધેલ સંદર્ભદર્શિત (૨) અને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા ઉકત વંચાણે લીધેલ સંદર્ભદર્શિત (૪) પત્રથી સદર બાબતે અત્રેની કચેરી પાસે સ્પષ્ટતા માંગેલ છે.

ઉકત તમામ વિગતોને ધ્યાને લઈ શિક્ષણ વિભાગના ઉકત વંચાણે લીધેલ (૧) ઠરાવના મુદ્દા નં. ૫ માં જરૂરી સ્પષ્ટતા થઈ આવવા આપશ્રીને વિનંતી છે. જેથી GEM PORTAL દ્વારા ઈ-ટેન્ડરથી આઉટસોર્સ પટાવાળાની ભરતી પ્રક્રિયા ઝડપથી પૂરી કરી શકાય.

**નોંધ પર મળેલ માન.નિયામકશ્રીના આદેશાનુસાર...**

નાયબ શિક્ષણ નિયામક (૧૦+૨)
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified

Signed by:KISHANBHAI FATESHING VASAVA
Deputy Director
Date:2026.05.19 17:12:32 +5:30

File No: COS/SDP/e-file/276/2026/1431/Higher secondary section
Approved By: Deputy Director,Higher secondary section,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign